Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue - 22 | December – February 2018

# આધ્યાત્મિક અનુભૂતિનો રણકાર- 'સેંજળ'

આધ્યાત્મિકતા અનુભૂતિ છે; જે સત્ય છે એની અનુભૂતિ. આ અનુભૂતિ અનેક પ્રકારે હોઈ શકે. એ કેવી હોય છે એનો આધાર પરમાત્માને કે સત્યને આપણે કઈ રીતે જાણીએ છીએ એના પર રહેલો છે. એટલે જ તો આપણે ત્યાં ઉપાસના, સાધના કે ભક્તિની દીર્ઘ પરંપરા મળે છે. જેણે જેવી રીતે પરમાત્માને જાણ્યો છે એ રીતે એણે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે જેમ કે- મીરાંએ પ્રેમથી, બુદ્ધ-મહાવીરે જાગરણથી, નરસિંહ-નારદે ભક્તિથી, લાઓત્સુએ જ્ઞાનથી. બુદ્ધ એને શૂન્ય કહે છે તો મહાવીર પૂર્ણ. મીરાંના કૃષ્ણ સદા યુવાન છે, પ્રીતમ છે. તો સુરદાસના કૃષ્ણ બાલ્યકાળના છે. તેથી જ તો કહી શકીએ કે જેમણે સત્યને જાણ્યું છે, જેવી રીતે જાણ્યું છે, જેવું જાણ્યું છે તેવું લોક સમક્ષ કે જગતની સામે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેવો અનુભવ છે એવી જ અનુભૂતિ છે. આ જાણવું એ જ અધ્યાત્મ છે. જેમાં નરસિંહ, બુદ્ધ, મહાવીર, લાઓત્સુ, મંસુર, ફરીદ, રાબીયા, કબીર, ચ્વાંગત્સુ જેવા ભક્તકવિઓનો સમાવેશ થઈ શકે. રાજેન્દ્ર શુક્લ પણ આજ પરંપરાના દ્યોતક છે. દ્વૈતાદ્વૈતની અનુભૂતિ એમની રચનાઓમાં વિવિધ રંગે સ્વાભાવિકપણે પ્રગટે છે.

આવી અનુભૂતિનું આલેખન 'સેંજળ'માં છે, જે ૨૦૧૨માં પ્રકાશિત થયેલો રાજેન્દ્ર શુક્લનો પાંચમો કાવ્યસંગ્રહ છે. ૧૦૨ જેટલા કાવ્યો આ સંગ્રહમાં સમાવાયા છે, જેને રાજેન્દ્રભાઈ એ છ વિભાગોમાં વહેંચ્યા છે. 'સાચું સોરઠીયો ભણે' , 'રે ભરથરી ......!', 'સ્વાગતમ, સુસ્વાગતમ', 'કુજ્જે તું કલરવે હર સમય નવે નવે!' 'ગીત ગઝલ તો ગઈએ.......' 'ગાઉ ગુર્જર છંદ ગરવી ગઝલ તણો કેં' જેવા શીર્ષકથી કાવ્યોનું વિભાજન કરવામાં આવ્યું છે.

પ્રથમ વિભાગ 'સાચું સોરઠિયો ભણે'માં નવ જેટલા કાવ્યો સમાવાયા છે. મોટાભાગની ગઝલોમાં પુરાકલ્પન અને મધ્યકાલીન સંદર્ભ જોવા મળે છે. કવિની ભાષા પ્રાદેશિક અને સંસ્કૃતપ્રચૂર છે. અધ્યાત્મની ઊંચાઈ અહીં આકાશને આંબે છે.

**'નંઈ પરાયું કાંય,પોતાના કરી પાલવે,**

**ઈ ગ્રેહવાજોગી બાંય, 'સાચું સોરઠીયે ભણે'** (પૃ-૧૦, 'સેંજળ')

સંતની લાક્ષણિકતાઓ કવિ સહજતાથી વર્ણવે છે. જેના માટે સમગ્ર બ્રહ્માંડ એક સમાન છે. દરેક મનુષ્ય પોતાનું છે,કોઈ પરાયું નથી એવા સંતની પાસે ઊભા રહેવાથી ય તનમન શીતળ થઇ જાય છે, આવા સંતો સંસાર માટે કલ્પતરુ સમાન છે. સોરઠની ધરતી એ સંતોની ભૂમિ છે એનો અણસાર આ કાવ્ય ગુચ્છમાં મળે છે.

**‘આસન અંદર અરપિયું,મૌન બિરાજે સંત.**

**ભીતર ભીતર ભાળિયે, ભેદ ટળે ભગવંત!’** (પૃ-૧૧ ‘સેંજળ’)

પરમાત્માને પોતાના હ્રદયમાં આસનસ્થ કરીને સાચો સંત મૌન રહે છે,તેના માટે બધા ભેદ દૂર થઇ ગયા છે.પરમને પામવાનો માર્ગ એને મળી ગયો છે. હવે એ પગલું પાછું વાળવા નથી ઈચ્છતો. જોકે, આયુષ્યનું અડધું આયખું વટાવ્યા પછી આ જ્ઞાન થયું છે. એ વખતે કવિ લોકબોલીનો પ્રયોગ કરતાં કહે છે,

**‘પાકે કાંઠા નવ ચડે,પણ ચિતરામણ થાય**

**એની મેળે ઊકલે, લખતાં લહિયો થાય.** (પૃ-૧૨ ‘સેંજળ’)

હૈયું હેલે ચડે તો ગીત ગવાય જ છે, જે અંદરથી ઊઘડ્યું એ જ તમને પાર લગાવે છે. મનુષ્યના એક નાનકડા જીવતર માટે કેટલું બધું જોઈએ છીએ. નાનકડું એવું હૈયું ક્યારેય ધરાતું જ નથી, ભરાતું જ નથી. એ વાતને સ્પષ્ટ કરવા માટે ‘એક તોલડી તેર વાનાં માગે’ જેવી કહેવત કવિ પ્રયોજે છે. જેમ કે,

**‘કાઠું કેવું કાળજું,કાઠા કેવા કેર**

**એક અમસ્તું આવડું, માંગે વાના તેર!’** (પૃ-૧૩ ‘સેંજળ’)

જીવન સંગ્રામમાં કોઈ ભેરુ નથી કે ભોમિયો પણ નથી,અણચીંધેલા મારગ પર જાતે જ માર્ગ કરવાનો છે. એ સમયે ‘સબદસુરંગુ’ ના ફૂટવાથી ધૂળના ઢેર ઊડે, કાળમીંઢ ફાટી પડે ત્યારે તેમાંથી સેંજળની (વરસાદના પાણીની) સેર ઊડે છે. આતમ જાગે ત્યારે જ આ અમૃતને આપણે પામી શકીએ. કવિ મનને મર્કટ જેવું અવળું ગણાવે છે પણ એને જો વશમાં કરી લઈએ તો પછી આપણી જ આણ વર્તાય છે. જે વીતી ગયું છે એનો વસવસો નથી કરવાનો કે જે હવે આવવાનું છે એની પણ ચિંતા નથી કરવાની. વર્તમાનમાં જીવવાથી જ પરમને પામી શકાય છે. જો સજગ થઈને જીવીએ તો અડધી રાતે પણ સૂર્યોદય થઇ શકે છે.

**‘સીધે સીધું પહોંચશે, છૂટ્યું છે જે બાણ**

**એની મેળે ઊગશે અડધી રાતે ભાણ’** (પૃ-૧૪ ‘સેંજળ’ )

બીજા કાવ્યગુચ્છ ‘રે ભરથરી......!’માં આઠ કાવ્યો સમાવાયા છે.રાજા ભરથરીનું પુરાકલ્પન પ્રયોજીને ભજન જેવા કાવ્યો કવિ આપે છે. ભર્તૃહરિની કથા આપણા પુરાણોમાં આવે છે. ભર્તૃહરિએ અમર ફળ પોતાની રાણી પીંગળાને આપ્યું, પીંગળાએ અશ્વપાલને, અશ્વપાલે ગણિકાને અને ગણિકાએ ફરી પાછું ભરથરીને. એ વખતે સંસારની નિરર્થકતા સમજાતા ભરથરીએ સન્યાસ ધારણ કર્યો. દંતકથા અનુસાર ભરથરી અમર છે અને ગિરનારમાં ભ્રમણ કરતા રહે છે. કવિનો જૂનાગઢનો સંદર્ભ, ભવનાથનો મેળો વગેરે પણ આ કાવ્યગુચ્છમાં આવે છે. ભજનની રીતિથી લખાયેલા આ કાવ્યોમાં મધ્યકાલીન ગુજરાતી, લોકબોલી અને તત્સમ શબ્દોનો સમન્વય થયો છે.

'સ્વાગતમ, સુસ્વાગતમ' નામના કાવ્યગુચ્છમાં અગિયાર અછાંદસ રચનાઓ સમાવેલી છે. કવિ કવિતાની પ્રતિક્ષા કરી રહ્યા છે. કાવ્ય સર્જન માટે કોઈ સામગ્રી, કરણ, ઉપકરણ, વ્યંજન, અસબાબની જરૂર નથી. કવિ કહે છે,

**'અહીં તો રચાયો છે એક**

**નિરવધિ અવકાશ**

**એ અનાગતના આકસ્મિક**

**આગમનને કાજ**

**અહીં કેવળ હું જ નિ:શબ્દ ,નિરાવરણ,નિરભરણ'** (પૃ-૨૮'સેંજળ' )

'અચાનક'માં કવિ પોતાના શૈશવને સ્મરે છે તો 'વિસૃષ્ટિ' માં પારિજાતનું શબ્દચિત્ર સર્જ્યું છે. 'ઉપરકોટ-એક સ્મરણ પ્રશસ્તિ' માં કવિ જૂનાગઢના પરિવેશથી પોતાની સંસ્મૃતિને આકાર આપે છે. કવિ પોતાના કાવ્યસર્જન દ્વારા પરમને પામવા પ્રયાસરત છે. અચાનક શબ્દ દ્વાર ખુલ્લે અને અંધારને ઉજાસની પેલે પાર એષણાનાં બધાં જ આવરણો સરી જાય એની કવિને પ્રતીક્ષા છે. 'વસ્તુ અને વાસ્તવ' દ્વારા કવિએ પરમ ચૈતન્યને પામવાનો રસ્તો બતાવ્યો છે. 'કૂજજે તું કલરવે હર સમય નવે નવે..!' કાવ્યગુચ્છમાં નવ કાવ્યો છે. અધ્યાત્મની પરમ ઊંચાઈ 'સર્વનો સ્વીકાર' શબ્દ-લય-છંદ-પ્રાસના માધ્યમથી થયો છે.

**' હું વાક્ય માં શબ્દ થઈ રહું છું**

**ને શબ્દને વર્ણરૂપે વહું છું!'** (પૃ.૫૨ 'સેંજળ')

આ કાવ્યગુચ્છમાં કવિએ આદિલ મનસુરીને બે અર્ધ્ય આપ્યા છે. 'ગીત ગઝલ તો ગઈયેં' માં ૨૧ કાવ્યો છે.

**'મેલ હવે મમતા તું પરી,**

**ખેલ હવે ખરાખરી સમતા તું ધરી,**

**હવે તને કોઈ નહીં લુટે....** (પૃ-૬૧ 'સેંજળ')

સમત્વને ધારણ કરવાથી જ પરમતત્વને પામી શકાય છે. આ વાત રાજેન્દ્ર શુક્લના કાવ્યોમાં એકાધિક વાર પુનરાવર્તન પામે છે. 'બાળ લીલાનું ઘોળ' રચીને કવિ મધ્યકાલીન ભક્તિ કવિતાનું સ્મરણ કરાવે છે. જો અંદર અજવાળું થાય તો એની પાસે સૂરજ પણ ઝાંખો લાગે છે. કવિ ઈશ્વરનું સાનિધ્ય સહજતાથી માગે છે. 'શિવોઽમ'ની વિભાવના અહીં ઊતરી છે.

**'હરિ, તમારી જેમજ અમને ફરતા ફરતા રાખો**

**કદી નહિ કહીયે તમને કે આ કે તે કાંઇ આપો,**

**અમે કિંહા કહીએ એવું કે અહિયાં કે ત્યાં થાપો.**

**ત્રણ ડગલાં તમે ભલેને ત્રણે ભુવનને માપો.'** (પૃ-૭૦ 'સેંજળ' )

વિષ્ણુના વામન અવતારરૂપી કથાનું પુરાકલ્પન અહીં પ્રયોજાયું છે. બાળવાર્તાના અનુસંધાન સાથે કવિતા સર્જવી કવિની પ્રયોગશીલતા છે. રૂપ અને નામનું અભિમાન માનવીને ઈશ્વરથી દૂર કરે છે. અંતે તો દરેકે પરમને ધામ(અપને ગામ) જવાનું જ છે. કવિ બોલચાલની લઢણથી અઘરી વાતને સરળતાથી રજૂ કરે છે.

**'અંદરથી ઊભરાવા દે,**

**બે કાંઠે છલકાવા દે,**

**પછી મને તું ખા.**

**કાયકા રૂપ ઔર કાયકા નામ**

**ચલ ભંભોટીયા અપને ગામ'** (પૃ-૭૨ 'સેંજળ')

પરમાત્માની કસોટીની એરણ પર ચડીને સાચો માનવી પરખાય છે.સંસારના અનુભવો જ માનવીને જ્ઞાન આપે છે.

**'કોણ હવે એને સમુજાવે,**

**પીળું એટલું હોય  ન સોનું,**

**ઊજળું એટલું દૂધ**

**કે ભરડ્યું ને ભરડાતું જે કઇં**

**બધું હોય નહીં વાચા,!**

**અમરો કસ કીધો પરીપુરણ**

**તમે ચોકસી સાચા..!'** (પૃ-૭૫ 'સેંજળ')

નરસિંહ મહેતાના  'વૈષ્ણવજન'ના સંદર્ભ સાથે રચાયેલું 'રસિકડા' આસ્વાદ્ય કાવ્ય છે. એમાં કવિ 'સ્થિતપ્રજ્ઞ'ના લક્ષણો સરળતાથી આલેખે છે.

**'જેને ન મળે હરખ કે શોક રે રસિકડાં,**

**એવા વિરલા હોય કોક કોક રે રસિકડાં!**

**ઊઘડ્યો અંદરનો આલોક રે રસિકડાં,**

**ઓઘ આનંદના થોક રે રસિકડાં !'** (પૃ.૮૧ 'સેંજળ' )

'ગૌ ગૂર્જર છંદ ગરવી ગઝલતણો' કાવ્યગુચ્છમાં ચોપન કાવ્યો છે. 'ગઝલ કહું છું'માં પૂર્વાર્ધ અને ઉતરાર્ધ એવા બે ભાગ છે.

**'નથી ખબર તો મનેય એની**

**અલખ ઉખાણે ગઝલ કહું છું'** (પૃ-૮૪ 'સેંજળ')

મધ્યકાલીન આનંદના ગરબાના અધ્યાસ સાથે રાજેન્દ્રભાઈ એ ગઝલ રચી છે.

**'આજ મુને આનંદ વાધ્યો અતિ ઘણો કઇં**

**ગાઉ ગૂર્જર છંદ ગરવી ગઝલ તણો કઇં**

**અમરત વરસે ધારવાણી વણમાગ્યે આ,**

**કરુણા અપરંપાર એની થઇ જ ગણો કઇં!**

**ઝળળ જાગતી જ્યોત ઝીલો, ઝટ ઝીલાવો**

**આદ-અનાદનું પોત એકરંગુ જ વણો કઇં!** (પૃ-૮૭ 'સેંજળ')

પરમાત્માની અપરંપાર કૃપાના પરિણામે ગઝલ રચાઈ રહી છે. "સર્વધર્મ સમભાવ" રાજેન્દ્રભાઈની કવિતામાં અનેકવાર પ્રગટે છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે-

**'તેજ ઘૂંટાઈ ટશર દૃત્તથી દાતાર લગ,**

**કોની આ પહોંચી નજર દૃત્તથી દાતાર લગ,**

**ધૂપ ગૂગળનો અને જો ધૂણી લોબાનની**

**તું વિહર થઇ તરબતર દૃત્તથી દાતારલગ'** (પૃ-૮૯'સેંજળ')

કચ્છના સંત ડાડા મેકરણની કૃપા સંસ્પર્શથી રચાયેલી આ ગઝલ છે, 'જીનામ, જીનામ!' ગઝલમાં કચ્છી બોલીનો પ્રયોગ નાવીન્યપૂર્ણ છે.

**"ખૂટી વ્યો સબદ,ગાલ ખૂટી વઈ માડુ,**

**બચ્યો હિક્ક સહ્વાસ જીનામ,જીનામ!"** (પૃ-૯૦ 'સેંજળ' )

અહર્નિશ પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં શબ્દ ખૂટી ગયા છે, વાતો પણ ખૂટી ગઈ છે, ધૂણીની જેમ પરમસ્મરણની રટના ધખી રહી છે, એક માત્ર પરમ સ્મરણ બીજું કશું જ નહીં-

**"નહિ કંઠી, નહિ બંધા ગંડા,**

**અગમ ગુરુ,અણદીઠા દંડા**

**ના પરચમ,ના ફહરા ઝંડા**

**આપી હી ફેલ ગયા નવખંડા"** (પૃ-૯૧ 'સેંજળ')

કાંઇ છૂટ્યું નથી, કાંઇ છોડ્યું ય નથી પણ નામ સ્મરણની લગની એવી લાગી છે કે 'હુવા સબદ પરગટ પરચંડા.' એટકે કે કોઈ કંઠી, કોઈ સંપ્રદાય, કોઈ ધજાની જરૂર નથી. સત્સંગ આપો આપ ફેલાય છે. એ ગેબી નગારા વાગે અને જ્ઞાન લાધે છે. પૂર્વગ્રહની ગાંઠો છોડવાથી જ આત્મજ્ઞાન થઇ શકે છે. આપણા પંડ પ્રમાણે ઘાટને ઘડતર થાય છે ખરું પણ એમાં ઘણું પડતર રહી જાય છે. કોઈ મરમી કારીગર જ આવા જાડાં જડતરને ઊખાડી શકે છે. મન ઊડીને જાતે જતું નથી. એને ઘણા પ્રલોભનો મળે છે. આમ તો માનવીનું મન જ માનવીનું દર્પણ છે. એમાં પોતે પોતાના કર્મોને જોઈ શકે છે.

**"દેહથી આગળનું દેખાડે નહિ,**

**કામ શું લાગે મને દરપણ બધા"** (પૃ-૯૯ 'સેંજળ' )

નરસિંહના "નામ રૂપ જૂજવા" અહીં નવા રંગે આવે છે-

**'આખરે તો આ બધાંય નામ ને રૂપો**

**એક જ છે તો એકમાં આમેજ થઇ જવું"**

નરસિંહ,મીરાં,અખો,દયારામના સંદર્ભ રાજેન્દ્રભાઈની ગઝલોમાં નવીન સંદર્ભે આવે છે. જેમ કે-

**"વા વાયોને નળિયું ખસ્યું**

**આકાશ તરત આવી ઉલ્લસ્યું**

**આવ્યું તે અંદર જઈ વસ્યું,**

**તારે મન કાં ઊંધું ઠસ્યું!**

**કઈ કસોટીએ  તેં કસ્યું ,**

**આંખનું કાજળ ગાલે ઘસ્યું.”**            (પૃ-૧૨૬ ‘સેંજળ’)

પૂર્ણમાં પૂર્ણ સમાય તો પૂર્ણ જ રહે-ની ઉપનિષદની ફિલોસોફી ‘અપરંપાર બન’ માં સુંદર રીતે વ્યક્ત થઇ છે.

**‘પૂર્ણ રૂપે વ્યક્ત થા,સાકાર બન,**

**એ રીતે અવ્યક્તનો અણસાર બન.**

**વૃક્ષ જેમજ ઊભવાનું છે નિયત,**

**કોઈ કુમળી વેલનો આધાર બન**

**પિંડ પાર્થિવ પણ પછી પુષ્પિત થશે,**

**તું અલૌકિક સુરભીનું આગાર બન.’**            (પૃ-૧૧૫ ‘સેંજળ’)

ક્ષણભંગૂર, નશ્વર અને પાર્થિવ દેહ પણ પરોપકાર કરીને શાશ્વતીને પામી શકે છે. જન સેવા જ પ્રભુ સેવા છે. કોઈનો આધાર બનવામાં જ જીવનની સાર્થકતા છે. દેહ ધીમેધીમે ખંડેર બનવાનું છે. એમાં ખાંખાં ખોળા કરવાનો કોઈ અર્થ નથી. સંતોષ, શાંતિ અને સ્નેહ મનુષ્યજીવનના અનિવાર્ય ઘટકો છે. સ્નેહ અને શાંતિથી સભર માનવી ને વધારે બોલવાની જરૂર નથી, એનું વર્તન જ બોલે છે. રાજેન્દ્ર શુકલની કવિતામાં મૌનનો મહિમા અનેકવાર વર્ણવાયો છે.

**‘મોજ પડ્યાની લેર્યું લાગ્યે**

**મૂંગા મંતર થઈ જાવું,**

**પરગટના પગથારે પાછું**

**વાણીઢોળું ક્યાં કરવું?’**         (પૃ-૧૧૯ ‘સેંજળ’)

અધ્યાત્મની આરાધના કરતાં કરતાં કવિ રાજેન્દ્ર શુક્લએ જ્ઞાનેન્દ્રિયો વડે અને ઇન્દ્રિય પારના જગતને જે રીતે અનુભવ્યું તે રીતે પોતાની રચનાઓમાં આકાર્યું છે. દ્વૈતાદ્વૈતની અનુભૂતિના અનેક આયામો એમની રચનાઓમાં અભિવ્યક્ત થાય છે. ‘સેંજળ’માં આ અનુભૂતિનો રણકાર ભાવકને મુગ્ધ કરે છે.

*******************************************************************************

**ડૉ. કલ્પના મચ્છર**

અધ્યક્ષા

ગુજરાતી વિભાગ

એમ.એન.કોલેજ

વિસનગર

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat